૪૦૧/૭,૨૮૪

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ-૧ : નીલકંઠ ચરિત્ર - સત્તરમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૦

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''મારાં જ્યાં પગલાં પડે છે ત્યાંથી ભય નાસી જાય છે.'' (૭૩)

૨. ''આત્યંતિક કલ્યાણનો માર્ગ પણ સૌને માટે સદાને માટે તેઓ જ ખુલ્લો કરશે.'' (૧૧૨)

૩. ''આપ વારંવાર કહેતા હતા કે ખેલના ભજવનારા તો હજુ હવે આવશે, તે જ આ વર્ણી ?'' (૧૦૪-૧૦૫)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. નીલકંઠવર્ણીને જિઅર સ્વામીએ મઠમાંથી રજા આપી. (૬૪)

૨. રઘુનંદનનાં માતાપિતા રોવા લાગ્યાં. (૫)

૩. સિરપુરમાં નીલકંઠવર્ણીએ બાવાઓને સાચા સાધુ બનવાનો ઉપદેશ આપ્યો. (૩૪)

**પ્ર.૩** 'સ્વસ્વરૂપની ઓળખાણ' (૭૪) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. હનુમાનજીએ પિબૈકને શું કહ્યું ? (૩૬)

૨. નીલકંઠવર્ણીએ પોતાની વાણીને શો શાપ આપ્યો ? (૧૬)

૩. મોક્ષ પ્રાપ્તિ માટે શાની જરૂર છે ? (૮)

૪. નીલકંઠવર્ણીએ વનવિચરણમાં કયા સ્થાને આકરું તપ કર્યું ? (૨૪)

૫. નીલકંઠવર્ણી તરાપાને ક્યાં લઈ ગયા ? (૪૪)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. વનવિચરણ દરમ્યાન કયા કયા રાજાઓને નીલકંઠવર્ણીનાં દર્શન થયાં ? (૧૪, ૨૮, ૩૨)

(૧) ☐ રણજિતસિંહ (૨) ☐ સૂર્યવલ્લભ (૩) ☐ મહાદત્ત (૪) ☐ રણબહાદુર

૨. નીલકંઠવર્ણીને ડાબા ચરણમાં કયાં ચિહ્નો હતાં ? (૬૦)

(૧) ☐ મીન (૨) ☐ વજ્ર (૩) ☐ વ્યોમ (૪) ☐ પદ્મ

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. ..................... મુકુંદદેવના દીકરા સાથેનું સગપણ તોડી નાખ્યું. (૫૩)

૨. નીલકંઠવર્ણી જનકપુરમાં .................... સરોવરને કાંઠે રહ્યા. (૪૮)

૩. માનસપુરના રાજાનું નામ ....................... હતું. (૫૦)

૪. કન્યાકુમારીને ................... પણ કહેવાય છે. (૬૫)

## વિભાગ-૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - દસમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તે ધંધો બંધ થવાથી ધનની સેવા અમારાથી ક્યાંથી થાય ?'' (૩૫)

૨. ''એક નખ જેટલી પૃથ્વીમાં પણ તમારા વિના બીજો ભગવાન ભાળતો નથી.'' (૭)

૩. ''તમારો ભગત થશે તો તમે વગર ભલામણે સાચવશો.'' (૨૯)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. નિર્ગુણ સ્વામીએ આફ્રિકાના એક હરિભક્તને મીઠા ઠપકાનો પત્ર લખ્યો. (૫૦)

૨. આશાભાઈ અને ઈશ્વરભાઈએ સાધી ગામ છોડવાનો નિશ્ચય કર્યો. (૫૫)

**પ્ર.૯** 'ઝીણાભાઈનો સત્સંગનો ખપ' (૨૭) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. જીવુબા કયા બે કડક નિયમોનું પાલન કરતાં ? (૪૦)

૨. દેવાનંદ સ્વામીના શિષ્ય કોણ હતા ? (૧૪)

૩. લાડુદાનજીને ધમડકામાં કયા સ્વામીનો મેળાપ થયો ? (૧)

૪. શુકમુનિને મહારાજની ક્રિયામાં કેવી બુદ્ધિ હતી ? (૨૦)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- શુકાનંદ સ્વામી (૧૭)**

**૧.** ''ડભાણથી મુક્ત આવે છે.'' **૨.** દિવસે સત્સંગનું કાર્ય કરતા અને રાત્રે તેમને હંમેશાં તાવ આવતો - આ રીતે પાંચ વર્ષ સુધી પીડા ભોગવી હતી. **૩.** મહેળાવ જઈ ધોરીભાઈના છ માસના દીકરા ડુંગરભાઈને વર્તમાન ધરાવ્યાં. **૪.** મુક્તાનંદ સ્વામીએ વેદવિધિથી એમને દીક્ષા આપીને શુકાનંદ સ્વામી નામ પાડ્યું. **૫.** જગન્નાથ ઘરબારનો ત્યાગ કરીને ગોંડલ તરફ ચાલ્યા. **૬.** શ્રીજીમહારાજે શીરો આપીને બારશનાં પારણાં કરાવ્યાં. **૭.** શુકમુનિએ આખી રાત જાગીને ચૌદ પાનાં લખ્યાં. **૮.** શ્રીજીમહારાજે વચનામૃત કારિયાણી પ્રકરણ - ૭માં શુકમુનિની પ્રશંસા કરી અને મુક્તાનંદ સ્વામી જેવા કહ્યા છે. **૯.** ''આ ડભાણિયો લીમડો, ડભાણિયો બળદ ને ડભાણિયા શુકમુનિ તે ત્રણ અમારા ખરા ઉપયોગમાં આવ્યા છે.'' **૧૦.** દાદાખાચરે શ્રીજીમહારાજની મરજી જાણી સુથાર પાસે લાકડું ફડાવ્યું. **૧૧.** જગન્નાથે સુરાખાચરને વાત કરી જે શ્રીજીમહારાજને ભલામણ કરો તો મને સાધુ કરે. **૧૨.** ડભાણમાં આવીને વસેલા વિપ્ર જગન્નાથ મૂળ નડિયાદના વતની હતા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી** :- મોતીભાઈના દીકરા જેઠાભાઈને ખેતરમાં ફરતી વખતે વીંછી કરડવાથી ધામમાં ગયા. પછી શ્રીજીમહારાજ સાથે આવી મોતીભાઈને નારાયણ કહ્યા.

જવાબ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી : આશાભાઈ**ના દીકરા **દેસાઈભાઈ**ને **ઘાસના બીડમાં કામ કરતાં સર્પ** કરડવાથી ધામમાં ગયા. પછી **ભગતજી મહારાજ** સાથે આવીને **આશાભાઈ**ને **જય સ્વામિનારાયણ** કહ્યા.

૧. **ભક્તરાજ જીવુબા :** એક વખત જીવુબા રથમાં બેસીને કાલવાણીથી ગઢપુર જતાં હતાં ત્યારે આત્માનંદ સ્વામીને રથ આપ્યો, કારણ કે તેમને હાથધોણું (ઝાડા) થઈ ગયું હતું. તેથી ચાલવાની શક્તિ ન રહી હતી. (૪૧)

૨. **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :** શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'આ તો આપણા જ કાર્યમાં વિઘ્ન આવ્યું. આપણે ગોંડલ મંદિરની મૂર્તિ માટે જોધપુર જવા, પૈસા લેવા આવ્યા અને આ ઉપાધિ આવી.' (૫૭)

૩. **સ્વામી નિર્ગુણદાસજી :** સંવત ૧૯૫૩માં આચાર્ય રઘુવીરજી મહારાજે જેઠા ભગતને સુરત મંદિરના કોઠારી નીમ્યા. (૪૫)

૪. **ભક્તરાજ દરબાર શ્રી ઝીણાભાઈ :** ''નિર્મળશી ભક્તનો ખાટલો લઈને ઝીણાભાઈ જેટલાં ડગલાં ચાલ્યા હતા તેથી ત્રણ ગણાં ડગલાં ઝીણાભાઈની નનામી ઉપાડીને અમે ચાલ્યા.'' (૩૦)

## વિભાગ-૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. ભગવાન નિરંતર રક્ષામાં છે. (સ્વામિનારાયણ પ્રકાશ - મે ૨૦૦૮, પા. નં. ૯, ૪૩)

૨. ટીન એજ સંતાનો અને પ્રેમ. (સ્વામિનારાયણ પ્રકાશ - જાન્યુઆરી ૨૦૦૯, પા. નં. ૧૪-૧૫)

૩. ગુરુમહિમા : શાસ્ત્ર વચનના આધારે. (સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ ૨૦૦૮, પા. નં. ૧૨-૧૩)

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**